ફોન : ૨૨ ૭૧ ૭૨

# દિપક એજન્સી - રાજકોટ

(હાઉસ ઓફ સ્કૂલ ફોર્મ્સ)

રોયલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૧૦, ભાડલાવાલા પેટ્રોલ પંપની બાજુમાં,
ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨.

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને

## અનુદાન સહાયનું ધોરણ સુધારવા બાબત

(૧૭)

(ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ, સચિવાલય, ગાંધીનગર, તા.૩૦-૬-૯૯)

**વંચાણે લીધા :-**

૧. શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૮૯ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૯-મ-૪૯૨-૯૬-ગ
૨. શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૦ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ
૩. શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૨ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ
૪. શિક્ષણ વિભાગના તા. ૩૧-૧-૯૭ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૨૯૫-ઈએમઆર-૭૩-ગ
૫. શિક્ષણ વિભાગના તા. ૧-૯-૯૭ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૭-૧૫૪૯-ગ
૬. શિક્ષણ વિભાગના તા. ૧૮-૬-૯૮ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ

### -: ઠરાવ :-

શિક્ષણ વિભાગના તા. ૧૮-૬-૯૮ ના ઠરાવ અન્વયે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનુદાનના ધોરણોની પુનઃ વિચારણા કરી ભલામણ કરવા માટે એક અભ્યાસ જૂથની રચના કરવામાં આવેલ. આ અભ્યાસ જૂથમાં રાજ્ય કક્ષાના સંચાલક સંઘ, આચાર્ય સંઘ, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, શિક્ષણ વિદો અને અધિકારીશ્રીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો અને સર્વાનુમતે ભલામણો કરવામાં આવેલ હતી. આ અભ્યાસ જૂથે રાજ્યની આર્થિક સ્થિતિને નજરમાં રાખી શિક્ષણમાં સમાજની ભાગીદારી વધારવા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં ઉત્તરોત્તર વધતો નાણાંકીય ખર્ચ ઘટાડવા તેમજ શિક્ષણની ક્ષિતિજો વિસ્તૃત અને બૃહદ બનાવવા માટે તેમાં વિજ્ઞાન અને કોમ્પ્યુટરના વિષય સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ગહન અભ્યાસ કરી, એપ્રિલ-૯૯ માં તેનો ભલામણ અહેવાલ સરકારશ્રીને રજૂ કરેલ. આ ભલામણ અહેવાલ કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. આ અંગે પુખ્ત વિચારણા બાદ સરકારશ્રીએ ઉપરોક્ત અભ્યાસ જૂથની ભલામણોને ધ્યાનમાં લઈને બિન સરકારી માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે સહાયક અનુદાન નીચે મુજબ આપવાનું ઠરાવેલ છે.

(૧) કન્યા શાળાઓને ૧૦૦ ટકા અનુદાન આપવાનો રાજ્ય સરકારનો તા. ૧-૯-૯૭ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે અને કન્યા શાળાઓને અન્ય નવી માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની માફક જ ગ્રાન્ટ આપવામાં આવશે. પરંતુ કન્યાઓને અત્યારે ચાલુ ધોરણે જે શિક્ષણ ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે તે ચાલુ રહેશે. તે માટે સરકારશ્રીએ વખતોવખત નકકી કરેલ પ્રવર્તમાન ઈ.બી.સી.ના ધોરણે કન્યાઓને શિક્ષણ ફી સહાય તરીકે આપવામાં આવશે.

(૨) આવી ૧૦૦ ટકા શિક્ષણ ફી, સહાય માટે કન્યાઓએ શાળામાં ૭૫ ટકા હાજરી આપવાની રહેશે અને તેનું પાછલા વર્ષનું (ધોરણનું) પરીણામ ૫૦ ટકા જેટલુ હોવુ જોઇશે. આમાં જો કન્યાઓની હાજરી ૭૫ ટકા જેટલી હશે અને પાછલા ધોરણનું પરિણામ ૫૦ ટકા થી ઓછુ હશે અને પાછલું ધોરણ પસાર કર્યુ હશે તો તેવી વિદ્યાર્થીનીઓને ૫૦ ટકા શૈક્ષણિક ફી સહાય તરીકે ચુકવવામાં આવશે.

ઉપર મુજબ નવી શરૂ થતી કન્યા શાળાઓને સામાન્ય શાળા મુજબ ગ્રાન્ટ ચુકવવામાં આવશે. જો કે જુની ગ્રાન્ટવાળી કન્યા શાળાઓ યથાવત ચાલુ રહી શકશે.

(૩) કન્યા શાળાઓની જેમ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને પણ ઉપર જણાવેલ તા.૧-૯-૯૭ ના ઠરાવ અનુસાર ૧૦૦ ટકા અનુદાન આપવાનુ ઠરાવવામાં આવેલ છે તે આથી રદ કરવામાં આવે છે. વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને કન્યા શાળાઓને પણ અન્ય શાળાઓની જેમ નવી ગ્રાન્ટ નીતિ લાગુ પાડવામાં આવે છે. આવી શાળાઓને પ્રયોગશાળા માટે મંડળે કરેલ ખર્ચના ૫૦ ટકા અથવા પ્રયોગશાળા દીઠ રૂા.૧,૫૦,૦૦૦ એ બેમાંથી જે ઓછું હોય તેટલી ગ્રાન્ટ આપવામાં આવશે. સંસ્થાએ આવી પ્રયોગશાળાનુ નિર્માણ શાળા શરૂ થયાના એક વર્ષમાં પૂર્ણ કરી લેવાનું રહેશે અને ત્યાર બાદ જ પ્રયોગશાળા માટેની આ ગ્રાન્ટ મળવાપાત્ર થશે.

## -: નવી શરૂ થતી સામાન્ય શાળા માટેના અનુદાનના ધોરણો :-

(૧) સામાન્ય વિસ્તારમાં ૧૦ કિ.મી.ની ત્રિજ્યાવાળા વિસ્તારમાં અને આદિવાસી વિસ્તારમાં ૫ કિ.મી.ની ત્રિજ્યામાં માધ્યમિક શાળા ન હોય ત્યાં સર્વે કરાવીને તેવા વિસ્તારની યાદી તૈયાર કરવામાં આવે અને તે વિસ્તારમાં નવી શાળાની મંજૂરી આપવામાં આવશે.

(૨) શહેરી વિસ્તારમાં એટલે કે મ્યુનિસિપલ વિસ્તારમાં ૧૦ હજારની વસ્તી દીઠ એક માધ્યમિક શાળાના ધોરણને ધ્યાનમાં રાખીને જરૂરિયાત જણાય તો નવી માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવશે.

(૩) સામાન્ય વિસ્તારમાં ૧૫ કિ.મી.ની ત્રિજ્યાવાળા વિસ્તારમાં અને આદિવાસી વિસ્તારમાં ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય ત્યાં તેવા વિસ્તારની યાદી તૈયાર કરાવીને, તે વિસ્તારમાં ઉચ્ચતર માધ્યમિક શાળાની જરૂરિયાત મુજબ મંજૂરી આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તાર એટલે કે મ્યુનિસિપલ વિસ્તારમાં ૩૦ હજારની વસ્તી દીઠ એક ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણે જરૂરિયાત જણાતી હોય તો નવી ઉચ્ચતર માધ્યમિક શાળાને જરૂરિયાત મુજબ મંજૂરી આપવામાં આવશે.

ઉપર ક્રમાંક ૧ થી ૪ માં જણાવેલ વિસ્તારમાં નવી શરૂ થતી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાને નીચે દર્શાવ્યા મુજબ પગાર ભથ્થાંની ગ્રાન્ટ પ્રમાણ ભાગે ચુકવવામાં આવશે.

| | સરકાર દ્વારા | મંડળ દ્વારા |
|---|---|---|
| પ્રથમ વર્ષે | ૧૦૦ ટકા | શુન્ય |
| બીજા વર્ષે | ૧૦૦ ટકા | શુન્ય |
| ત્રીજા વર્ષે | ૧૦૦ ટકા | શુન્ય |
| ચોથા વર્ષે | ૭૫ ટકા | ૨૫ ટકા |
| પાંચમા વર્ષે | ૬૦ ટકા | ૪૦ ટકા |

ત્યાર બાદ છઠ્ઠા વર્ષથી આ ગ્રાન્ટનું પ્રમાણ ૬૦ ટકાના ધોરણે ચાલુ રહી શકશે અને સંસ્થા પગાર ભથ્થાના ખર્ચની ૪૦ ટકાના પ્રમાણમાં વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ ફી લઇ શકશે.

આદિવાસી વિસ્તારની શાળાઓમાં ચોથા વર્ષે ૮૫ ટકા અને પાંચમાં વર્ષે ૭૫ ટકા પ્રમાણે પગાર ભથ્થાની ગ્રાન્ટ સરકારશ્રી આપશે. એટલે આવી શાળાઓએ ચોથા વર્ષે ૧૫ ટકા અને ત્યાર પછી ૨૫ ટકા પ્રમાણેની રકમ વિદ્યાર્થીઓ પાસેથી ફી તરીકે મેળવવાની રહેશે.

ઉપરોકત ફી ની રકમ નીચે જણાવ્યા પ્રમાણેની કમિટિ નકકી કરશે.

(૧) સંચાલક (૨) આચાર્ય (૩) વાલી મંડળના પ્રતિનિધિ (૪) શિક્ષકના પ્રતિનિધિ (૫) વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ એમ કુલ પાંચ સભ્યોની બનેલ સમિતિની રચના કરી તેઓ દ્વારા ફી નકકી કરવાની રહેશે.

આવી નવી શાળાને કોઈ નિભાવ ગ્રાન્ટ મળશે નહીં, પરંતુ મકાન ભાડુ અને ઇત્તર ખર્ચ માટે નવી શાળાઓ નીચે મુજબની મર્યાદામાં ફી લઇ શકશે.

| ક્રમ | વિગત | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | નિભાવ ફી (માસિક) | ૩૫ | ૪૦ | ૪૫ | ૫૦ | ૬૦ |
| ૨. | પ્રયોગશાળા ફી સત્ર દીઠ (વિજ્ઞાન પ્રવાહ) | – | – | – | ૪૦ | ૫૦ |

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ઇત્તર ખર્ચ માટે આ ઠરાવના પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા પ્રમાણે ખર્ચ કરી શકશે.

ઇત્તર ખર્ચ અને મકાન ભાડાનું / મકાનના નિભાવ ખર્ચનું ઓડીટ કરવાનું રહેશે નહીં, પરંતુ જે ખર્ચનું અનુદાન સરકારશ્રી તરફથી આપવામાં આવે છે તે ખર્ચનું ઓડીટ ફરજીયાત કરવાનું રહેશે.

ઉપર ૧ થી ૪ વિભાગમાં સમાવેશ થતો ન હોય તેવી તમામ નવી શરૂ થતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કોઇ અનુદાન ચુકવવામાં આવશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી. કે. ભટ્ટ
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

બિડાણ : પરિશિષ્ટ-૨